ક્રમાંક/મઉમશબ/ક-૫/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર, તા. /૧૧/૨૦૧૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

**વિષયઃ-** ડુપ્લીકેટ ગુણપત્રક / ડુપ્લીકેટ પ્રમાણપત્ર તેમજ **સ્થળાંતર** પ્રમાણપત્ર અંગે...

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે બોર્ડની ક-૫ શાખા મારફતે ધોરણ-**૧૨** ના વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ ગુણપત્રક, ડુપ્લીકેટ પ્રમાણપત્ર તેમજ સ્થળાંતર પ્રમાણપત્ર કાઢી આપવામાં આવે છે જે માટે વિદ્યાર્થી નિયત નમુનામાં વિગતો ભરી આચાર્ય પાસે પ્રમાણિત કરાવી અરજી કરવાની હોય છે. પરંતુ કેટલાક અરજદારો આચાર્યના સહિ-સિકકા વગરની અરજી રજુ કરી આવા પ્રમાણપત્રોની માંગણી કરતા હોય છે.

આથી આપને જણાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓ નિયત નમુનામાં આચાર્યના સહિ-સિકકા સાથેની અરજી જરૂરી આધારો સાથે બોર્ડની કચેરીમાં રજુ કરે તે માટે પુરતું માર્ગદર્શન શાળાએ આપવું જરૂરી છે. જેથી વિદ્યાર્થીને બિનજરૂરી હેરાનગતિ ભોગવવી ન પડે.તદ્ઉપરાંત શાળા કક્ષાએ અરજદાર રજુ થતી અરજી નિયત નમુનામાં હોય તથા તેમાં દર્શાવેલ વિગત શાળાના રેકર્ડ સાથે મળે છે તેની ખરાઈ શાળા કક્ષાએ થવી જરૂરી છે આથી આપની તાબા હેઠળની તમામ શાળાઓને પરિપત્ર કરી જરૂરી સુચનાઓ આપવા જણાવવામાં આવે છે.

પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાનાઃ-

૧) માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૨) માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૩) માન. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

D:\D Data\bhavnaben\MODI.doc